For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સર્વસંમતિથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સહકારી રાજકારણમાં ચાલતી ખેંચતાણનો આવ્યો અંત

બરોડા ડેરીમાં સત્તાનું સુકાન યથાવત: દિનુ મામા ફરી ચેરમેન, જી.બી. સોલંકી વાઈસ ચેરમેન બન્યા

પશુપાલકોના હિતમાં પારદર્શક વહીવટ અને વિકાસલક્ષી નિર્ણયો લેવાની નવી ટીમની ખાતરી

(પ્રતિનિધિ) વડોદરા

વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (બરોડા ડેરી) ના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સર્વસંમતિથી પૂર્ણ થઈ હતી. સહકારી ક્ષેત્રના અગ્રણી દિનેશ પટેલ (દિનુમામા) ફરી એકવાર બરોડા ડેરીના ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા છે, જ્યારે જી.બી. સોલંકીની વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક સમયથી બરોડા ડેરીના સુકાનને લઈને સહકારી અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા અને ગરમાવો જોવા મળ્યો હતો. જોકે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન નિયામક મંડળના તમામ સભ્યો વચ્ચે સર્વસંમતિ સર્જાતા બંને હોદ્દા માટે માત્ર એક-એક ઉમેદવારી નોંધાઈ હતી. પરિણામે દિનેશ પટેલ અને જી.બી. સોલંકી બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

દિનેશ પટેલ સતત બીજી વખત ચેરમેન બનતા તેમના સમર્થકો તેમજ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના ડેરી સાથે જોડાયેલા હજારો પશુપાલકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. હોદ્દો સંભાળ્યા બાદ ચેરમેન દિનેશ પટેલ અને વાઈસ ચેરમેન જી.બી. સોલંકીએ સંસ્થાના સર્વાંગી વિકાસ, દૂધ ઉત્પાદકોના હિતોની સુરક્ષા અને પારદર્શક વહીવટ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

નવી ટીમની રચના સાથે બરોડા ડેરીમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી રાજકીય અટકળો અને આંતરિક ખેંચતાણનો અંત આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. હવે પશુપાલકોના હિતમાં વિકાસલક્ષી અને કલ્યાણકારી નિર્ણયો લેવામાં આવશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે.

દિનુમામાનું પાદરામાં ભવ્ય સ્વાગત

બરોડા ડેરીના પ્રમુખ પદે દિનેશભાઈ પટેલ (દિનુમામા)ની વરણી બાદ તેઓ પ્રથમ વખત પાદરા પહોંચતા સમર્થકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મામા પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ફૂલહાર, આતશબાજી અને સૂત્રોચ્ચાર વચ્ચે તેમનું અભિવાદન કરાયું. કાર્યક્રમમાં APMCના આગેવાનો, ડિરેક્ટરો, સરપંચો, સહકારી મંડળીઓના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. દિનુમામાએ સૌનો આભાર વ્યક્ત કરી પશુપાલકોના હિતમાં કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

તાંદલજા અકસ્માત મામલે મહાનગર સેવાસદન ખાતે હંગામો

રસ્તાના ખાડાને લીધો યુવતીએ જીવ ગુમાવતા પાલિકાની બેદરકારી સામે નાગરિકોનો વિરોધ

કિસ્મત ચોકડીથી એકતાનગર રોડ પર શોર્ટ બ્રેક વાગતાં સર્જાયી હોનારત

તંત્રની લાપરવાહી સામે રોષે ભરાયેલા સ્થાનિકોએ આવેદન આપ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરાના તાંદલજા વિસ્તારમાં કિસ્મત ચોકડીથી એકતાનગર તરફ જતા માર્ગ પર રસ્તાના ખાડાને કારણે સર્જાયેલા કરુણ અકસ્માતમાં એક યુવતીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મહાનગરપાલિકાના અધિકારીઓની ઘોર નિષ્કાળજી અને લાપરવાહીને લીધે આ ઘટના બની હોવાનો આરોપ લગાવીને નાગરિકો અને સ્થાનિક પ્રતિનિધિઓએ મહાનગર સેવાસદન ખાતે પહોંચી તંત્ર સામે ભારે રોષ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રસ્તા પરના ભયાનક ખાડાના કારણે યુવતીને અચાનક શોર્ટ બ્રેક મારવી પડી હતી અને તેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. રોડ પરના આ ખાડાઓ અંગે સ્થાનિકો દ્વારા સાત દિવસ પહેલાં જ તંત્રને ફરિયાદ કરવામાં આવી હતી. આ ઉપરાંત પશ્ચિમ ઝોનની કચેરીએ પણ અગાઉ પાંચથી છ વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ સમારકામ કરવામાં આવ્યું ન હતું, જે સરિયામ લાપરવાહી દર્શાવે છે.

કોર્પોરેશન ખાતે આવેદન આપવા પહોંચેલા નાગરિકોએ માંગ કરી છે કે તંત્રની બેદરકારીના કારણે યુવતીની જાન ગઈ હોવાથી મૃતકના પરિવારને મહાનગરપાલિકા દ્વારા રૂ. ૧૦ લાખનું વળતર ચૂકવવામાં આવે. આ સાથે જ, નાગરિકોની ફરિયાદો અણદેખી કરનારા અને જવાબદારી નિભાવનારા જવાબદાર કર્મચારીઓ તેમજ અધિકારીઓ સામે તાત્કાલિક કડક પગલાં લેવામાં આવે. તેમણે કોર્પોરેશન કમિશનરને દરેક વોર્ડમાં અધિકારીઓની જવાબદારી નક્કી કરવા અપીલ કરી હતી.આ વિરોધ પ્રદર્શન દરમિયાન રજૂઆતકર્તાઓએ ડેપ્યુટી કમિશનર સાથે મુલાકાત કરીને પોતાની માંગણીઓ રજૂ કરી હતી. ડેપ્યુટી કમિશનરે સ્થાનિકોની રજૂઆત સાંભળીને આ સમગ્ર બનાવમાં જે પણ અધિકારી કે કર્મચારી કસૂરવાર જણાશે તેમની સામે યોગ્ય તપાસ કરીને કડક કાર્યવાહી કરવાની બાંહેધરી આપી છે.

વડોદરામાં ૭ દિવસ વીજળીના કડાકા સાથે વરસાદની આગાહી

શિનોરમાં સૌથી વધુ ૭૩૨ મીમી વરસાદ, ડભોઈ બીજા ક્રમે; છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૭ મીમી વરસાદ નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડોદરા શહેર અને જિલ્લામાં આગામી એક સપ્તાહ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ 4થી 10 ઓગસ્ટ દરમિયાન શહેરમાં દરરોજ વીજળીના કડાકા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જોકે હાલ જિલ્લામાં કોઈ યલો, ઓરેન્જ કે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું નથી.

મંગળવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 33 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 25.4 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં 7 મીમી વરસાદ વરસ્યો હતો. સવારે ભેજનું પ્રમાણ 89 ટકા અને સાંજે 68 ટકા નોંધાતા વાતાવરણમાં ભારે ભેજ અનુભવાયો હતો. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન 31થી 33 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 24થી 25 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. સવાર અને સાંજના સમયે ભેજનું પ્રમાણ 85થી 90 ટકા વચ્ચે રહેતા ઉકળાટ સાથે વરસાદી વાતાવરણ યથાવત રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ 4 ઓગસ્ટે સમગ્ર જિલ્લામાં સરેરાશ 0.25 મીમી વરસાદ નોંધાયો હતો. ડભોઈ તાલુકામાં 2 મીમી વરસાદ પડ્યો હતો, જ્યારે અન્ય તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો નહોતો. ચાલુ ચોમાસા દરમિયાન જિલ્લામાં અત્યાર સુધી કુલ સરેરાશ 485.63 મીમી વરસાદ નોંધાયો છે. તેમાં શિનોર તાલુકામાં સૌથી વધુ 732 મીમી વરસાદ વરસ્યો છે, જ્યારે ડભોઈમાં 577 મીમી અને વડોદરા તાલુકામાં 533 મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે લોકોને વીજળી પડતી વખતે ખુલ્લા સ્થળોએ ઉભા ન રહેવા અને સાવચેતી રાખવાની સલાહ આપી છે.

બોગસ લેટર પધરાવી અને ખોટા વચનો આપો કારેલીબાગના વિઝા કન્સલ્ટન્ટે રૂપિયા પડાવ્યા

કૅનેડા વર્ક પરમિટના નામે ૨.૩૦ કરોડનું મેગા કૌભાંડ ૧૭ યુવકોને વિઝા કન્સલ્ટન્ટે બનાવ્યા શિકાર

કારેલીબાગ પોલીસે અનિત બારોટ સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વિદેશમાં સેટલ થવાના સપના જોતા યુવાનો માટે ચેતવણીરૂપ કિસ્સો વડોદરામાં સામે આવ્યો છે. કૅનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને એક વિઝા કન્સલ્ટન્ટે 17 અરજદારો પાસેથી રૂ.2.30 કરોડથી વધુની રકમ ઉઘરાવી બોગસ દસ્તાવેજોના આધારે છેતરપિંડી આચરી છે. કારેલીબાગ પોલીસે ફરિયાદના આધારે અક્ષર ફોરેન એજ્યુકેશનના સંચાલક અનિત બારોટ સામે ગુનો નોંધી સમગ્ર કૌભાંડની તપાસ શરૂ કરી છે.

કારેલીબાગના રહેવાસી અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા ધવલકુમાર મોહનલાલ ગઢિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ વર્ષ 2024માં કૅનેડા વર્ક પરમિટ પર જવા ઇચ્છતા હતા. ઓળખાણ મારફતે તેઓ અક્ષર ફોરેન એજ્યુકેશનના સંચાલક અનિત બારોટના સંપર્કમાં આવ્યા હતા. આરોપીએ કૅનેડા મોકલવાની સંપૂર્ણ પ્રક્રિયા માટે રૂ.17 લાખનો ખર્ચ બતાવી વિશ્વાસ જીત્યો હતો અને નોકરી તેમજ કાયદેસર વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી.

જેથી તેઓ વિશ્વાસમાં આવી સ્ટેમ્પ પેપર પર કરાર કર્યા બાદ બેંક ટ્રાન્સફર અને ચેક મારફતે લાખો રૂપિયા ચૂકવ્યા હતા. થોડા સમય બાદ આરોપીએ ATCO LTD કંપનીના નામે લેટર ઈ-મેઈલ દ્વારા મોકલી વિઝાની પ્રક્રિયા આગળ વધી રહી હોવાનું જણાવ્યું હતું. જોકે સીધો કંપનીનો સંપર્ક કરતાં આ લેટર સંપૂર્ણપણે બોગસ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ થતાં તેમણે ચૂકવેલી રકમ પરત માગી હતી.

પોલીસના પ્રાથમિક અંદાજ મુજબ આરોપીએ તમામ ભોગ બનનારાઓ પાસેથી મળીને રૂ.2.30 કરોડથી વધુની રકમ ઉઘરાવી હતી. કારેલીબાગ પોલીસે અનિત બારોટ સામે છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજોના ઉપયોગ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે. સાથે જ અન્ય કોઈ લોકો પણ આ જાળમાં ફસાયા છે કે નહીં તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે.

રૂ.૭.૮૦ લાખનો ચેક પણ બાઉન્સ થયો હતો

આરોપીએ નાણાં પરત આપવાના બહાને રૂ.7.80 લાખનો ચેક આપ્યો હતો, પરંતુ ખાતામાં પૂરતી રકમ ન હોવાથી ચેક બાઉન્સ થયો હતો. ત્યારબાદ તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. તપાસ કરતા માત્ર એક વ્યક્તિ સાથેની છેતરપિંડી નહોતી પરંતુ આરોપીએ ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ખેડા, અંકલેશ્વર અને વડોદરા સહિતના વિવિધ શહેરોના 17 લોકોને કેનેડામાં નોકરી અને વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી રૂ.3 લાખથી રૂ.22 લાખ સુધીની રકમ વસૂલી હતી. જોવિવેલ ક્રિસ્ટી, જયદીપ રબારી, ભગીરથ સાંગાણી, કેતન ઠક્કર, મનોજ પટેલ, મુનિશ પંચાલ સહિતના અનેક લોકો આ કૌભાંડના ભોગ બન્યા છે.

વડોદરા એરપોર્ટથી 'ભારત ટેક્સી' સેવાની શરૂઆત

સ્વદેશી અને સહકારી મોડેલ આધારિત પાયલોટ પ્રોજેક્ટથી મુસાફરોને કિફાયતી, સુરક્ષિત સેવા મળશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા એરપોર્ટ ખાતે સ્વદેશી અને સહકારી મોડેલ આધારિત 'ભારત ટેક્સી' સેવાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ પાયલોટ પ્રોજેક્ટનો હેતુ ટેક્સી માલિકો અને ડ્રાઈવરોને આર્થિક રીતે સશક્ત બનાવવાનો તેમજ મુસાફરોને સુરક્ષિત અને કિફાયતી પરિવહન સેવા પૂરી પાડવાનો છે.

ભારત ટેક્સી પ્લેટફોર્મ પર મળતા ભાડાનો મોટો હિસ્સો સીધો ડ્રાઈવરોને મળશે, સાથે તેમને માલિકીનો લાભ પણ મળશે. મુસાફરોને વાજબી ભાડા, ગુણવત્તાસભર સેવા અને રૂ.5 લાખ સુધીના વીમા કવરનો લાભ મળશે.

પ્રારંભ સમારોહમાં ટ્રાફિક ડીસીપી જે. આઈ. વસાવા, એસીપી ડી. એમ. વ્યાસ, એરપોર્ટ ડિરેક્ટર, સીઆઈએસએફના આસિસ્ટન્ટ કમાન્ડર અનિલ કુમાર સિંહ તેમજ ભારત ટેક્સીના ક્લસ્ટર મેનેજર કમલ કિશોર સિંહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે આગામી સમયમાં ભારત ટેક્સી સેવાનો દેશના વિવિધ એરપોર્ટ અને શહેરોમાં તબક્કાવાર વિસ્તાર કરવામાં આવશે, જે સ્થાનિક ડ્રાઈવરો માટે રોજગારીની નવી તકો ઊભી કરશે.

રીવ્યુ બેઠકમાં વિકાસકાર્યોની મ્યુનિ. કમિશનરે કરી સમીક્ષા

નીચાણવાળા વિસ્તારોની સમસ્યા અને પ્રગતિ હેઠળના પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ કરવા સૂચના

તમામ ઝોનમાં સતત મોનિટરિંગ, કંટ્રોલ રૂમ અને ઓનલાઈન ફરિયાદ નિવારણ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યો, ચોમાસા અને વહીવટી કામગીરીની સ્થિતિ અંગે સમીક્ષા કરવા માટે મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં રીવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક પૂર્ણ થયા બાદ મ્યુનિસિપલ કમિશનરે વિગતવાર માહિતી આપતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલા આગામી આયોજનો અને પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરી હતી.

મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, સમીક્ષા બેઠક દરમિયાન શહેરના નાગરિકોને સ્પર્શતા પાયાના પ્રશ્નો જેવા કે ડ્રેનેજ લાઈન, પીવાના શુદ્ધ પાણીનો પુરવઠો, રસ્તાઓના સમારકામ તથા ચોમાસા દરમિયાન સર્જાતી નીચાણવાળા વિસ્તારોની સમસ્યાઓના કાયમી અને તાત્કાલિક નિવારણ અંગે ગહન ચર્ચા હાથ ધરવામાં આવી હતી. શહેરમાં જે પ્રોજેક્ટ્સ હાલ પ્રગતિ હેઠળ છે તે તમામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગીય અધિકારીઓ અને એજન્સીઓને કડક તાકીદ કરવામાં આવી છે.

વધુમાં તેમણે માહિતી આપતા ઉમેર્યું હતું કે, મહાનગરપાલિકાની ટીમ દ્વારા તમામ ઝોનમાં સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં નાગરિકો તરફથી મળતી ફરિયાદોનું ત્વરિત નિવારણ લાવવા માટે કંટ્રોલ રૂમ અને ઓનલાઈન સિસ્ટમ મારફતે કામગીરીને વધુ સુગમ બનાવાઈ છે. રસ્તાઓની ગુણવત્તા જાળવવા અને ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તે માટે પણ જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.

કમિશનરે શહેરના નાગરિકોને ખાતરી આપતાં જણાવ્યું હતું કે, વડોદરા મહાનગરપાલિકા તંત્ર તમામ સ્તરે સતર્ક છે અને નાગરિકોને કોઈપણ જાતની અસુવિધા ન પડે તે માટે તમામ વહીવટી પાંખો પરસ્પર સંકલન સાધીને કાર્યરત રહેવા કટિબદ્ધ છે.

MSUમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નવી રચના

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ 2023 હેઠળ 2.5 વર્ષની મુદત માટે નિમણૂક

બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં શુભાંગિની રાજે ગાયકવાડ અધ્યક્ષ, પ્રો. ભણગે વાઇસ ચેરપર્સન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ-2023 હેઠળ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની વહીવટી અને શૈક્ષણિક નિર્ણયો લેતી બે મુખ્ય સમિતિઓ - બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નવી રચના જાહેર કરવામાં આવી છે. નિયુક્ત સભ્યોનો કાર્યકાળ અઢી વર્ષનો રહેશે, જ્યારે 62 વર્ષની વય પૂર્ણ થતાં તેમનું સભ્યપદ આપોઆપ સમાપ્ત થશે.

બોર્ડ ઓફ મેનેજમેન્ટના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના ચાન્સેલર શુભાંગિની રાજે ગાયકવાડ અને વાઇસ ચેરપર્સન તરીકે વાઇસ ચાન્સેલર પ્રો. ડો. ભાલચંદ્ર એમ. ભણગેની નિમણૂક કરાઈ છે. બોર્ડમાં શિક્ષણક્ષેત્રના અગ્રણી નિષ્ણાતો, વિવિધ ફેકલ્ટીના ડીન તથા અનુભવી પ્રોફેસરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયના વાઇસ ચાન્સેલર પ્રો. ડો. મનોજ ચૌધરીને રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાત તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. રજિસ્ટ્રાર પ્રો. ડો. કે. એમ. ચુડાસમા મેમ્બર સેક્રેટરી તરીકે કામગીરી સંભાળશે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે પણ પ્રો. ભણગે રહેશે. સમિતિમાં વિવિધ વિભાગોના વડાઓ, શિક્ષક પ્રતિનિધિઓ તેમજ ઉદ્યોગ ક્ષેત્રમાંથી જીસીસીઆઈના એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર સ્મિતા મીના આર. કવિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી તંત્રના જણાવ્યા મુજબ નવી રચનાથી વહીવટી કામગીરીમાં વધુ પારદર્શિતા, જવાબદારી અને નિષ્ણાતોના માર્ગદર્શનનો લાભ મળશે.

નક્કી કરેલી ફી કરતા વધુ વસૂલાત અને બળજબરીથી નાણા લેવાનો આરોપ

પરિવાર વિદ્યાલયમાં FRC નિયમોના ઉલ્લંઘનનો આક્ષેપ, વાલીઓએ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરી

10 વર્ષના હિસાબોની ઓડિટ, વધારાની ફી પરત અપાવવા અને શાળાની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરાના આજવા રોડ પર આવેલી પરિવાર વિદ્યાલય સામે વાલીઓએ ફી નિયમન સમિતિ (એફઆરસી)ના નિયમોનું ઉલ્લંઘન કરી મનસ્વી રીતે વધુ ફી વસૂલવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત ફરિયાદ આપવામાં આવી છે. સાથે જ ફરિયાદની નકલ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, શિક્ષણ વિભાગના સચિવ, વડોદરા કલેક્ટર તેમજ ગાંધીનગર અને વડોદરાની એફઆરસી સમિતિને પણ મોકલવામાં આવી છે.

વાલીઓના જણાવ્યા મુજબ શાળા એફઆરસી દ્વારા મંજૂર કરાયેલી ફી કરતાં વધુ રકમ વસૂલે છે. મેદાન ન હોવા છતાં એક્ટિવિટી ફી, કન્સેપ્ટ સ્કૂલના નામે અલગ ચાર્જ તેમજ આરટીઈ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી પણ વધારાની રકમ લેવામાં આવે છે. આ વસૂલાતની કોઈ સત્તાવાર પાવતી આપવામાં આવતી નથી, જેના કારણે પારદર્શિતાનો અભાવ હોવાનું વાલીઓએ જણાવ્યું છે. વાલીઓએ વધુમાં આક્ષેપ કર્યો છે કે વધારાની ફી નહીં ભરનાર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પર પરોક્ષ દબાણ લાવવામાં આવે છે. ફી અંગે પ્રશ્ન ઉઠાવતા વાલીઓને યોગ્ય જવાબ આપવામાં આવતો નથી અને વારંવાર ઓફિસના ધક્કા ખાવા પડે છે. અનેક વાલીઓએ આર્થિક સંજોગોને કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું પણ રજૂઆતમાં જણાવ્યું છે. કોરોના બાદ મધ્યમવર્ગીય પરિવારો પર આર્થિક ભાર વધ્યો છે ત્યારે આવી વધારાની ફી અસહ્ય બની રહી છે. શિક્ષણને વેપારનું સાધન બનાવવાના આક્ષેપ સાથે તેમણે છેલ્લા 10 વર્ષના નાણાકીય હિસાબોની તપાસ કરવાની માંગ કરી છે. એફઆરસી દ્વારા મંજૂર કરાયેલી ફી અને વાસ્તવમાં વસૂલાયેલી ફી વચ્ચેનો તફાવત શોધી વધારાની રકમ વાલીઓને પરત અપાવવા તેમજ નિયમોના ઉલ્લંઘન બદલ શાળા સામે કડક કાર્યવાહી કરી જરૂરી હોય તો માન્યતા રદ કરવાની પણ માંગ કરવામાં આવી છે. સાથે જ વાલીઓએ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરીને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં અન્ય કોઈ શાળા આવી રીતે નિયમોનો ભંગ ન કરે તે માટે કડક માર્ગદર્શિકા અમલમાં મૂકવાની પણ માંગ કરી છે.

આઠ વર્ષના બાળકની ઓળખની થશે ચકાસણી, નવજાતના પિતૃત્વ માટે પણ ડીએનએ ટેસ્ટની તૈયારી

બાળ તસ્કરી કૌભાંડમાં DNA ટેસ્ટ અને ડિજિટલ પુરાવા પર પોલીસનું ફોકસ

આરોપીઓના મોબાઇલ ડેટા અને બેંક ટ્રાન્ઝેક્શનની તપાસથી બાળ તસ્કરીના મોટા નેટવર્કનો પર્દાફાશ થવાની સંભાવના

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા ક્રાઇમ બ્રાન્ચની એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ દ્વારા નવજાત બાળક વેચાણ કૌભાંડની તપાસમાં રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. વધુ બે આરોપીઓની ધરપકડ બાદ હવે પોલીસનું મુખ્ય ધ્યાન ડીએનએ ટેસ્ટ અને ડિજિટલ પુરાવાઓ પર કેન્દ્રિત થયું છે. જેમાં આઠ વર્ષનું બાળક મનોજ અને વીણા નું છે તથા નવજાત શિશુના લક્ષ્મણ પિતા થાય છે તેની ચકાસણી કરવા માટે તમામના ડીએનએ ટેસ્ટ કરવાની તજવીજ શરૂ કરાઈ છે. ચાર આરોપીઓના મોબાઇલ તથા બેંક ના ડેટા મેળવવામાં આવ્યા છે.

વડોદરા ક્રાઇમ બ્રાન્ચની એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટે આઠ દિવસના નવજાત શિશુને મુંબઈમાં વેચવાના કેસમાં શ્રવણ દુધાભાઈ પરમાર અને લક્ષ્મણભાઈ મોતીભાઈ મુળીને ઝડપી પાડ્યા છે. અગાઉ મનોજ કેશાભાઈ રાવળ, તેની પત્ની વીણાબેન રાવળ, સુનીલ ધુળાભાઈ રાવળ, દલપતભાઈ ધુળાભાઈ રાવળ અને નગીન ઉર્ફે નગા જગાભાઈ ભગોરાની ધરપકડ થઈ ચૂકી છે.

તપાસ દરમિયાન અગાઉ ચાર બાળકોના સોદા થયા હોવાની માહિતી સામે આવતા પોલીસે હવે મનોજ રાવળ અને વીણા રાવળ સાથે રહેલા આઠ વર્ષના બાળકની સાચી ઓળખ અંગે તપાસ શરૂ કરી છે. બાળક ખરેખર તેમનું જ સંતાન છે કે અન્ય કોઈનું છે તે જાણવા બંનેના ડીએનએ ટેસ્ટ કરાયા છે. ઉપરાંત નવજાત બાળકના પિતા અને મુખ્ય આરોપી લક્ષ્મણભાઈનો પણ ડીએનએ ટેસ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

બીજી તરફ પોલીસે રિમાન્ડ પર રહેલા આરોપી શ્રવણ, લક્ષ્મણ, તોફીક અને સાહિલના મોબાઇલ ફોનમાંથી ડેટા રિકવર કરવાની તેમજ તેમના બેન્ક ખાતાની વિગતો અને નાણાકીય લેવડદેવડની તપાસ શરૂ કરી છે. પોલીસને આશા છે કે આ તપાસથી બાળ તસ્કરીના સમગ્ર નેટવર્ક અને અન્ય સંડોવાયેલા લોકો અંગે મહત્વના પુરાવા મળી શકે છે. આગામી દિવસોમાં ડીએનએ રિપોર્ટ અને ડિજિટલ પુરાવાના આધારે વધુ મોટા ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બાળક વેચાણ કૌભાંડમાં ચાર આરોપી રિમાન્ડ પર

મુંબઈમાં નવજાત બાળકના વેચાણ કૌભાંડમાં સંડોવાયેલા શ્રવણ પરમાર, લક્ષ્મણ મુળી, તોફિક અને સોહિલની પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે ચારેય આરોપીઓના 10 ઓગસ્ટ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે પોલીસ આરોપીઓની સઘન પૂછપરછ કરીને સમગ્ર રેકેટનો ભેદ ઉકેલવાનો પ્રયાસ કરશે. આ કૌભાંડમાં અન્ય કોણ-કોણ સામેલ છે, અત્યાર સુધીમાં કેટલા બાળકોનો સોદો કરવામાં આવ્યો છે, વેચાયેલા બાળકો હાલ કોની પાસે છે અને તેમની સ્થિતિ શું છે તે સહિતના મુદ્દાઓ અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

બાળક વેચાણ રેકેટમાં પોલીસની ત્રણ અલગ અલગ રાજ્યમા ટીમો રવાના કરાઈ

નવજાત બાળક વેચાણ કૌભાંડની તપાસમાં માનવ તસ્કરીના અન્ય ગુનાઓમાં સંડોવાયેલી રૂપા જૈન સહિતના આરોપીઓની સંડોવણી પણ સામે આવી છે. પોલીસને ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન સુધી ફેલાયેલા નેટવર્કની આશંકા હોવાથી તપાસનો ધમધમાટ પણ શરૂ કરાયો છે છે. સમગ્ર રેકેટનો પર્દાફાશ કરવા માટે પોલીસની અલગ-અલગ ટીમો બનાવી ગુજરાત મહારાષ્ટ્ર અને રાજસ્થાનના વિવિધ શહેરોમાં રવાના કરવામાં આવી છે. આરોપીઓના સંપર્કો, અન્ય સોદા અને સંડોવાયેલા લોકો અંગે પણ તપાસ કરાઈ રહી છે.

પતિ-સાસુ સહિત મામા સસરા સામે ગુનો દાખલ

૨૦ તોલા સોનાની માંગણી કર્યા બાદ પરિણીતાને ઘરેથી કાઢી મૂકી

દહેજ અને માનસિક ત્રાસથી કંટાળી આખરે મહિલાએ પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.4

સેવાસી ગામમાં રહેતી પરિણીતા પર પોતાના પતિ, સાસુ અને મામા સસરા સામે દહેજની માંગણી, શારીરિક તથા માનસિક ત્રાસ ગુજારવામા આવતો હતો. ઉપરાંત 20 તોલા સોનાની માંગણી કરી ઘરેથી કાઢી મૂકવાના ગંભીર આક્ષેપો સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે પતિ સાસુ સંસ્થા અને મામા સસ્તા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાના સેવાસી ગામમાં રહેતી આરતી પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ વર્ષ 2016માં તેમના લગ્ન નિશાંતકુમાર પટેલ સાથે હિંદુ રીતિ-રિવાજ મુજબ થયા હતા. લગ્નના થોડા સમય બાદ જ પતિ ઘરખર્ચ માટે પૂરતા પૈસા આપતા ન હોવાથી તેમને નોકરી કરવાની ફરજ પડી હતી.

વર્ષ 2018માં પુત્ર અક્ષરના જન્મ બાદ પતિ, સાસુ અને મામા સસરા નારાયણભાઈ ઉર્ફે નવીનચંદ્ર પટેલ દ્વારા સતત દહેજની માંગણી અને માનસિક ત